વાર્ષિક લવાજમ - રૂા. ૨૫/-

February - 2026


# સ્વાનુભૂતિપ્રકાશ



પ્રકાશક :

**શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ,**

ભાવનગર - ૩૬૪ ૦૦૧.



# સત્સંગરૂપી નોળવેલ !!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

સ્વાધ્યાય છે એ તો નોળવેલ જેવો છે. જ્ઞાનીને પોતાનો પરમાત્મા નોળવેલ જેવો છે. આ સ્વાધ્યાય નોળવેલ જેવો છે હો. નોળવેલ ખબર છે? નોળિયો અને સાપ લડાઈ કરે. સાપ તો ઝેરી પ્રાણી છે. નોળિયાને બટકા ભરી લે, ડંખ મારી લે, અને નોળવેલ કરીને વનસ્પતિ થાય છે. વેલ. વેલ એટલે વેલો. વનસ્પતિ થાય છે. એને સુંઘીયાવે એટલે બધું ઝેર ઉતરી જાય, તાજોમાજો થઈ જાય. શક્તિ આવે એટલે જાય પાછો સાપની સામે લડવા. એમ ઉદયની અંદર, કાર્યોમાં અંદર પરિણામ જાય છે અથવા સ્વાધ્યાયમાં એને એના રસને તોડવાનો છે. હજી પરમાત્માનું તો આલંબન હાથ લાગ્યું નથી. જ્ઞાની તો અંદર ચાલ્યા જાય છે. એ બહારના ઉદયના રસને તોડતા જ આગળ ચાલ્યા જાય છે, તોડતા જ આગળ ચાલ્યા જાય છે. મુમુક્ષુએ કોના આધારે આગળ ચાલવું? એણે સત્પુરુષ ને સત્સમાગમ ને સત્શાસ્ત્ર – એ એને આધાર છે, એ એની નોળવેલ છે. બહારમાં ઉદયના કાર્યોમાં રસ લીધા હોય (પરંતુ) સત્ શાસ્ત્રમાં, સ્વાધ્યાયમાં એટલા રસથી પ્રવૃત્તિ કરે, એટલા રસથી ધ્યાન દે, એટલા રસથી એ વખતે એ વિષયને પોતે પોતાનું હિત, લક્ષને મુખ્યતાનો વિષય બનાવી દે. હિતનો વિષય બનાવે, મુખ્ય વિષય બનાવે, લક્ષમાં એ રાખીને રસ લે તો નોળવેલ જેવું કાંઈ થોડુંક કામ થાય. રસ લે તો થોડુંક (કામ) થાય.

મુમુક્ષુ : સર્પ કરતાં નોળવેલની શક્તિ વધારે?

પૂજ્ય ભાઈશ્રી : ઝેર ઉતારે છે. ઝેર ઉતારે છે ને? (શક્તિ) વધારે જ છે સીધી વાત છે. એ નિત્ય સ્વાધ્યાય કરવો એનું કારણ આ છે. પરમ તપ કહ્યું છે. મુમુક્ષુને અધ્યાત્મનો વિષય ..કે પોતાના સ્વરૂપમાં એકાગ્ર થવામાં સ્વાધ્યાયનો વિકલ્પ નિમિત્ત પડે છે, એને પરમ તપ કહેવામાં આવે છે. પરમતપ એટલે ઉત્કૃષ્ટ તપ, શુદ્ધ પરિણામ. એ *'એકને જ ગ્રહણ કર.'* એકને ગ્રહણ કરવાનું આ ફરમાન છે. એકને ગ્રહણ કર એટલે પરમ તપ થાય. નહિતર પરમ તપ ક્યાં થયું? કોઈ એમ ને એમ રુઢિગતપણે એ કહેવત નથી. આઠથી નવ ચાલો સ્વાધ્યાય કરીને અહીંયાં ને અહીંયાં ખંખેરીને હાલતા. એ કાંઈ પરમ તપ છે નહિ. એનું સ્વાધ્યાય કાંઈ પરમ તપ નથી. સ્વાધ્યાયનું ખોખું એ ખોખું નથી. અંદર રસ છે એ કસ છે. રસમાં બધો કસ છે. બહારની ક્રિયાના ખોખામાં કાંઈ કસ નથી. રસ વિહીન જે ક્રિયા છે એમાં શું કસ છે? કે એમાં કાંઈ નથી. બધું કસ વગરનું છે.

*


(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત' બોલ-૨૦૮, તા. ૨૪-૧૦-૮૭, પ્રવચન નં-૧૬૬, 'અધ્યાત્મ સુધા' ભાગ-૬, પાનું -૩૨૨,૩૨૩)

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૫૨ : અંક–૩૩૮, વર્ષ–૨૮, ફેબ્રુઆરી–૨૦૨૬

## કહાનરત્ન કિરણો !!

**– અધ્યાત્મ યુગસૃષ્ટા**
**પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી**
**(શ્રી 'પરમાગમસાર'માંથી સાભાર ઉદ્ધૃત)**



**માંગલિકનો અર્થ :– 'મંગ' એટલે પવિત્રતા અને 'લ' એટલે પ્રાપ્તિ. આત્મા આનંદસ્વરૂપ છે. તેના આનંદની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. વસ્તુ આનંદ સ્વરૂપ છે. પણ પર્યાયમાં તેની પ્રાપ્તિ થવી તે માંગલિક છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે. તેની પર્યાયમાં પ્રાપ્તિ થવી તે મંગલ છે. ૨૮૩.**

*

**બીજો અર્થ :– મમ્ અને ગલ. પુણ્ય – પાપનો રાગ તે હું ને તેનું ફળ તે હું એવો અહંકાર તે મમ્ અર્થાત્ વિપરીત અભિપ્રાય, તેનો નાશ તે ગલ એટલે કે તે મંગલ છે. પહેલો અર્થ અસ્તિથી છે. આ બીજો અર્થ નાસ્તિથી છે. મિથ્યાત્વનો નાશ તે મમ્ + ગલ = મંગલ છે. ૨૮૪.**

*

**કેવો છે ચૈતન્યભાવ? – કે વિભુ છે અર્થાત્ પોતાના સ્વરૂપમાં વ્યાપનારો છે. પોતાના વિશેષણોમાં વ્યાપનારો, ગુણોનો એકરૂપ વિભુ છે. પોતાના સ્વરૂપમાં વ્યાપનારો ચેતન્યવિભુ છે. તે પર્યાયમાં આવતો નથી એવો નિર્ણય, એવો અનુભવ પર્યાયમાં છે પણ તે પર્યાયમાં વસ્તુ આવી નથી. અનુભવથી વસ્તુ ભિન્ન છે પણ અનુભવની દ્રષ્ટિમાં એકરૂપ વસ્તુ છે કે જે સર્વ કર્મની ઉપાધિથી રહિત છે. અનુભવમાં આવા સંસ્કાર તે એક માત્ર કર્તવ્ય છે. ૨૮૫.**

*

**આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર એવા આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી? અનેક પ્રકારના શુભ વિકલ્પોની**

ક્રિયામાં જેમ જેમ આગળ વધતો જાય છે તેમ તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવાથી ભ્રષ્ટ થાય છે. પહેલા આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ. એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે. અશુભમાં જવાની તો વાત છે જ નહિ. શ્રીમદ્ પણ કહે છે કે એકલું વાંચન કર્યા કરવાથી મનન શક્તિ ઘટે છે. તેમ એકલા શુભ વિકલ્પો ને ક્રિયાકાંડમાં વધતો જાય છે તેમ સ્વાનુભવથી ભ્રષ્ટ થતો જાય છે. સર્વ શાસ્ત્ર જાણવાનો સાર તો આત્માનો અનુભવ કરવો તે છે. બાર અંગમાં પણ આત્માનુભૂતિ જ કરવાનું કહ્યું છે. ૨૮૬.

*

પ્રશ્ન :– શુદ્ધનિશ્ચયનયનો પક્ષ તો કરવો ને?

ઉત્તર :– પક્ષ કરવો એટલે શું ? અનુભવમાં જતાં પહેલા એવો પક્ષ આવે છે કે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ છું. પુણ્ય–પાપ ભાવ તે હું નહિ – એવો વિકલ્પ સહિત નિર્ણય પહેલા આવે છે પણ એ મૂળ પરમાર્થ વસ્તુ નથી. પહેલા શુદ્ધ નિશ્ચયનયનો પક્ષ આવે છે. હોય છે પણ અંદર સ્વાનુભવથી નિર્ણય કરવો એ મૂળ વસ્તુ છે. ૨૮૭.

*

અહો! ભગવાનના વિરહ અહીં પડ્યા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા – આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમેતો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ. એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરા છે. તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્યસ્વભાવે તો પ્રભુ છે એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે તેથી અમને સમભાવ છે. ૨૮૮.

*

સમ્યગ્દષ્ટિ એમ જાણે છે કે શુદ્ધ નિશ્ચયનયથી હું મોહ–રાગ–દ્વેષ રહિત છું, એથી સમ્યગ્દષ્ટિને એમ હોતું નથી કે શુભ ને અશુભ બન્ને સરખા છે. માટે અશુભ ભલે આવે? સમ્યગ્દષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે. ૨૮૯.

*

સ્વસમય અને પરસમય સાથે વાદ–વિવાદ કરવાયોગ્ય નથી. તું તારા આત્માનો અનુભવ કર. પરની સાથે વાદ–વિવાદમાં પડવા જેવું નથી. નિધાન પામીને નિજ વતનમાં જઈ ભોગવવા કહ્યું છે માટે પોતાની નિધિ પામી પોતે એકલા ભોગવવા જેવું છે. ૨૯૦.

*

પ્રશ્ન :– સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના

વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્ગલનો જાણે છે?

ઉત્તર :– સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતારવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે. ૨૯૧.

*

પ્રશ્ન :– સ્વભાવ સન્મુખ થવા હું શુદ્ધ છું, જ્ઞાયક છું, આદિ ચિંતવન કરતાં કરતાં એવો અપૂર્વ આનંદ આવે છે તે આનંદ અતીન્દ્રિય છે કે કષાયની મંદતાનો છે તે કેમ ખ્યાલમાં આવે?

ઉત્તર :– ચિંતવનમાં કષાયની મંદતા ઘણી થતાં તેને આનંદ માની લ્યે તે ભ્રમ છે. ખરો અતીન્દ્રિય આનંદ નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવતાં રાગ ને જ્ઞાનની ભિન્નતા પ્રતીતમાં આવે છે. એ અતીન્દ્રિય આનંદનું શું કહેવું? અલૌકિક છે. ખરેખરી રૂચિવાળા જીવને કષાયની મંદતામાં અતીન્દ્રિય આનંદનો ભ્રમ થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યા વિના તે ઝંપતો નથી. ૨૯૨.

*

પ્રશ્ન :– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ પણ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે. તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે?

ઉત્તર :– જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી. પણ જ્ઞાનમાં ઓધે–ઓધે (ધારણાથી) જાણ્યો છે. પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓધે–ઓધે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓધેઓધે–આનંદના વેદન વિના આત્માને જાણ્યો છે.) ૨૯૩.

*

પ્રશ્ન :– વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?

ઉત્તર :– નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવાયોગ્ય પુરુષાર્થ કરતો નથી તેથી વિકલ્પ તૂટતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે. ૨૯૪.

*

એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન પર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહારત્ન છે. એવા જ્ઞાન આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહામહા રત્નોનો ધરનાર આત્મદ્રવ્ય

એ તો મહા રત્નોથી ભરેલો સાગર છે. એના મહિમાનું શું કહેવું? અહો! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દ્રષ્ટિ કરે તો ખબર પડે. ૨૯૫.

*

સંતો કહે છે કે અમે અમારા સ્વઘરમાં આવ્યા. હવે અનુકૂળતાના બરફમાં અમે ઓગળી જવાના નથી અને પ્રતિકૂળતાની અગ્નિમાં બળવાના નથી. અમારો જ્ઞાન વિલાસ પ્રગટ્યો છે એમાં અમે પોઢ્યા તે પોઢ્યા. હવે અમને ઉઠાડવા કોઈ સમર્થ નથી. ૨૯૬.

*

અનુભવથી શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી. અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે. ૨૯૭.

*

સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પુરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્માપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૨૯૮.

*

અહો! સમ્યગ્દ્રષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નું હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યા હોય તોપણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદ્રષ્ટિથી કળવું કઠણ છે. ૨૯૯.

*

દર્શન મોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શન મોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.

*

આત્માને માટે કાંઈક એની પાછળ પડવું જોઈએ આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઉંઘતાં એનો પ્રયત્ન જોઈએ. એની રૂચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે. ૩૦૧.

*

કોઈ પણ જીવ પોતાની હૈયાતી વિના, ક્રોધાદિ થવા કાળે, આ ક્રોધાદિ છે, એમ જાણી શકે જ નહિ. પોતાની વિદ્યમાનતામાં જ એ ક્રોધાદિ જણાય છે. રાગાદિને જાણતાં પણ જ્ઞાન... જ્ઞાન એમ મુખ્યપણે જણાવા છતાં જ્ઞાન તે હું એમ ન માનતાં. જ્ઞાનમાં જણાતા રાગાદિ તે હું એમ રાગમાં એકતાબુદ્ધિથી જાણે છે – માને છે, તેથી તે મિથ્યાદ્રષ્ટિ છે. ૩૦૨.

*

ભાઈ તારા મહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ. પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ. – એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ ભરોસો આવી જાય છે. ૩૦૩.

*

આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરુષાર્થનો ઉપાડ આવવો જોઈએ કે હું આવો મહાન પદાર્થ! – એમ નિરાવલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી વિચારની ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ ... હું ... આ ... હું ... એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો પણ છૂટીને અંદરમાં ઉતરી જાય છે. (નિર્વિકલ્પ થવા પહેલાંની દશા આવી હોય છે) ૩૦૪.

*

આ આત્માને પરમાત્મા થવાની વાત અબજો રૂપિયા આપે તો પણ સાંભળવા મળે તેવી નથી. આ પરમાત્માની વાત પૈસાની ચીજ જ નથી. આનું પૈસાથી મૂલ્યાંકન થઈ શકે નહિ. બહારની ચીજથી મૂલ્યાંકન થઈ શકે એવી આ ચીજ જ નથી. ૩૦૫.

*

માથાનો કાપનાર, કંઠનો છેદનાર, પોતાનું જેટલું અહિત નથી કરતો તેટલું અહિત પોતાનો ઊંધો અભિપ્રાય કરે છે. જગતને પોતાના ઊંધા અભિપ્રાયની ભયાનકતા ભાસતી નથી. ૩૦૬.

*

જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં બળું છું તેમ દુઃખ દુઃખ ને દુઃખ છે–ઝેર છે તેમ પહેલા જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે છે. ૩૦૭.

*

પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે! એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ પોતાને લાગવું જોઈએ. ૩૦૮.

*

સત્યની વાત સમજવામાં ટકી રહવું એ પણ એક પુરુષાર્થ છે. ૩૦૯.

*

પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. ૩૧૦.


*

ભાઈ! તું શરીર સામું ન જો! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે. ભાઈ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૩૧૧.

# લૌકિકભાવની ભયંકરતા !!

## શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક–૫૨૮(૧) પર પ્રવચન

- સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ



પત્રાંક–૫૨૮

મુંબઈ, આસો સુદ ૧૧, બુધ, ૧૯૫૦

સ્વપ્નેય જેને સંસારસુખની ઇચ્છા રહી નથી, અને સંપૂર્ણ નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે, એવા જ્ઞાનીપુરુષ પણ વારંવાર આત્માવસ્થા સંભાળી સંભાળીને ઉદય હોય તે પ્રારબ્ધ વેદે છે, પણ આત્માવસ્થાને વિષે પ્રમાદ થવા દેતા નથી. પ્રમાદના અવકાશ યોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને આત્મહિત ઇચ્છવું એ નહીં બનવા જેવું જ કાર્ય છે; કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને, તેને સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.

આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી, છતાં તે સત્સંગ પણ, જે જીવ લૌકિકભાવથી અવકાશ લેતો નથી તેને, પ્રાયે નિષ્ફળ જાય છે, અને સહેજ સત્સંગ ફળવાન થયો હોય તો પણ વિશેષ વિશેષ લોકાવેશ રહેતો હોય તો તે ફળ નિર્મૂળ થઈ જતાં વાર લાગતી નથી; અને સ્ત્રી, પુત્ર, આરંભ, પરિગ્રહના પ્રસંગમાંથી જો નિજબુદ્ધિ છોડવાનો પ્રયાસ કરવામાં ન આવે તો સત્સંગ ફળવાન થવાનો સંભવ શી રીતે બને? જે પ્રસંગમાં મહા જ્ઞાનીપુરુષો સંભાળીને ચાલે છે, તેમાં આ જીવે તો અત્યંત અત્યંત સંભાળથી, સંક્ષેપીને ચાલવું, એ વાત ન જ ભૂલવા જેવી છે એમ નિશ્ચય કરી, પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે અને પરિણામે પરિણામે તેનો લક્ષ રાખી તેથી મોકળું થવાય તેમ જ કર્યા કરવું, એ શ્રી વર્ધમાનસ્વામીની છદ્મસ્થ મુનિચર્યાને દૃષ્ટાંતે અમે કહ્યું હતું.

(ગતાંક થી આગળ... )

*"અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ; લૌકિકભાવ, લોકચેષ્ટા એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને,..."* જોયું? સાવધાની તોડવાની વાત આવી. એ સાવધાની કેમ મટે? કે (એ બધું) નકામુ છે એમ જાણે ત્યારે (સાવધાની મટે). કોઈ એમ કહે કે, તમે આ એક કામ કરોને (તો) બહુ પૈસા મળી જાય. અને તમારે તો સહેલાઈથી થઈ જાય એવી તમારી સ્થિતિ છે. હવે ત્યાં શું વિચાર આવવો જોઈએ? કહો જોઈએ! સામાન્ય માણસને તો એમ થાય કે તો–તો પછી કરી જ લેવું જોઈએ ને! સહેજે થતું હોય અને મોટો લાભ થતો હોય તો એમાં શું (વિચારવાનું હોય)? કરી (જ) લેવું જોઈએ. (પણ) જેને અંતર વૈરાગ્ય હોય ને એને એમ થાય કે (પૈસા) આવે તો (પણ) શું કામના? એ તો નકામા છે. (માનો કે) આવ્યા (તો) જે છે

એમાં વધી ગયા. શું થયું? પણ શું કામના? કંઈ કામના તો છે નહીં, કોઈ કામમાં તો આવવાના નથી. એનું કામ શું? જે વધારાના પડ્યા રહે એ શું કામના? એ તો નકામા જ છે ને! શું કામના છે? કહો! એ તો કંઈ કામના હોતા નથી. એ તો અમસ્તા પણ નકામા છે. એ નકામાપણું દેખાય તો રસ ન આવે, નહીંતર રસ આવ્યા વિના રહે નહીં. એટલે પહેલેથી એ વાત લીધી, *“નિઃસારભૂત જેને સંસારનું સ્વરૂપ ભાસ્યું છે,...”* સંસારમાં કોણ ન ફસાય? કે (જેને) નકામુ ભાસે તે.

મુમુક્ષુ :- ભાઈશ્રી! જેને પૈસાની ખેંચ હોય તેણે કેવી રીતે વાતને લેવી?

પૂજ્ય ભાઈશ્રી :- (પૈસાની) ખેંચ પણ કલ્પના જ છે ને! બીજું શું છે? તમારો જે ઉદય છે, એ પ્રમાણે જે બને છે, એમાં તમે તમારા વ્યવસાયને, તમારી રહેણી-કરણીને **accomodate** કરો. પછી ખેંચ શાની? સો (રૂપિયાની) આવક છે તો સોમાં ચલાવો, હજારની આવક છે તો હજારમાં ચલાવો, નવસોમાં ચલાવો! પાંચ હજારની આવક છે તો ચાર હજારમાં ચલાવો. પછી (પૈસાની) ખેંચ શાની? બાકી તો દસ હજારની આવક હોય અને બાર હજારનો ખર્ચ રાખીને બેસો તો ખેંચ પડે ને! દુનિયામાં નાની-મોટી આવકવાળા બધા મનુષ્યો જીવે છે કે નથી જીવતા? કોઈ મરી જાય છે? માનો તમને આજે આઠ હજારની આવક છે અને એક નોકરીયાતને આઠસોની આવક છે. એ આઠસોની (આવકવાળો) મરી જાય છે કે જીવે છે? આઠસોવાળો પણ જીવે છે, આઠ હજારવાળો પણ જીવે છે અને એંસી હજારવાળો પણ જીવે છે. બધાંની કલ્પના જુદી-જુદી છે. (એમાં) બીજું શું છે?

મુમુક્ષુ :- **status** નો **problem** આડો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે જ એમ કહ્યું કે લૌકિકભાવ આડે કોઈ દિવસ આત્મકલ્યાણ થવાનું નથી. આઠસો મળશે તે દિવસે પણ (આત્મકલ્યાણ) નહીં થાય અને એંસી હજાર મળશે તે દિવસે પણ નહીં થાય. તે દિવસે (જરૂરિયાતનું) **list** લાંબુ થઈ ગયું હશે. એક નોકરી કરનાર માણસનું રોજની ખરીદીનું **list** અને એક મહેલમાં રહેલા રાજ-મહારાજની રોજની ખરીદીનું **list** - (બન્નેને) મેળવો તો! કોની યાદી મોટી છે? મહેલવાળાની (યાદી મોટી છે). જેટલી યાદી મોટી એને એટલી ઉપાધી વધારે છે. સીધી વાત છે. મોટો માગણ (છે). (ગુરુદેવે) ભાવનગરના મહારાજાને જ (મોટો માગણ) કહ્યું હતું. કૃષ્ણકુમારસિંહજી વ્યાખ્યાન સાંભળવા આવ્યા ગુરુદેવ તો કંઈ ‘સાહેબ.... સાહેબ...’ કહે નહીં. એમને દરબાર જ કહેતા. ગરાસીયાને દરબાર કહે ને!? (એટલે એમ કહે) ‘દરબાર! ઝાઝુ માગે એ મોટો માગણ! અને થોડું માગે એ નાનો માગણ!’ એટલે રાજા-મહારાજાને અમે ભિખારી જ જોઈએ છીએ - એમ કહેતા હતા. માગણ છે એમ જોતા હતા. અમારી દૃષ્ટિ તો એવી છે. (ગુરુદેવને) ક્યાં ફંડ-ફાળો કરાવવા જાવું છે કે માખણ લગાડીએ! એ તો રાજા-મહારાજા, શ્રીમંત શેઠીયાઓ સામે બેઠા હોય તો ચાબખા ફટકારતા હતા. અપેક્ષા હોય ને તો દીનતા આવે કે, આને ખરાબ લાગી જશે તો! એને જે લાગવું હોય તે લાગે - વસ્તુનું સ્વરૂપ આ છે. તારે સંસારથી છૂટવાની ગરજ છે? અને ગરજ છે તો કેટલી છે?

એ અમારે પરીક્ષા કરવી છે. પછી વાત કરવાનો વિચાર છે નહીંતર વાત પણ કરવી નથી, એમ (વાત) છે.

*''અહિતહેતુ એવો સંસારસંબંધી પ્રસંગ, લૌકિકભાવ, લોકચેષ્ટા, એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને,...''* એટલે બધું ગૌણ કરી નાખવું. એની કંઈ કિંમત નથી. જ્ઞાનીને (માટે) જગતની આબરૂ મોઢાની લાળ જેવી છે. આવે છે? બનારસીદાસજીના (પદમાં આવે છે) – 'લોકલાજ લારસી..' એ કાંઈ છે જ નહીં, એની કોઈ કિંમત જ નથી. લોકોને નાક આડુ આવે છે. બાકી તો એ (બધી) કંઈ ચીજ જ નથી, કલ્પના સિવાય બીજુ કાંઈ છે જ નહીં. તમને કેટલા જણા ઓળખે? કહો જોઈએ! સંખ્યા મૂકો તો કેટલી થાય? ૨૫-૫૦-૧૦૦-૨૦૦-૫૦૦ બસ! ખાસ કરીને માણસ મરી જાય ત્યારે ભેગા થાય ને! (લોકો એમ કહે) ભાઈ! આભડવામાં બહુ માણસ હતું. કેટલા હોય? ૨૦૦-૫૦૦-૧૦૦૦ બસ, થઈ ગયું ને? આપણે એમ લઈએ કે ઓળખતા હોય એવા (કેટલા)? આપણા ફલાણા ભાઈ મરી ગયા, ચાલો! આપણે જરાક જઈ આવીએ, આભડીયાવીએ. બહુ-બહુ તો તમને ઓળખે કેટલા? અને જો તમે મોક્ષમાર્ગમાં પ્રવેશ કરો તો અનંત સિદ્ધો તમને ઓળખે! કેટલા? તમે અનંત સિદ્ધોના જ્ઞાનમાં આવો. વાહ! વાહ! શાબાશ છે દોસ્ત તને! હવે તું અમારો દોસ્ત થઈ જઈશ. થોડા કાળમાં તું અમારી પંક્તિમાં, અમારી નાતમાં એક હારમાં આવીને બેસી જઈશ! (તો) આ આબરૂ મોટી? કે આ (જગતના) બધા ભિખારા જાણે એ આબરૂ મોટી? કઈ આબરૂ મોટી? પણ માણસ કેવી રીતે ભાલે ભરાય જાય છે! અનંત સિદ્ધ જાણે કે, આ આત્મા સિદ્ધ થવાનો છે. અમારી પંક્તિમાં બેસશે. જમવામાં એક પંગતમાં કોણ બેસે? ઢેઢ-ભંગીને તો બેસાડે નહીં, વાણીયા - વાણીયા (સાથે) બેસે, બ્રાહ્મણ-બ્રાહ્મણ (સાથે) બેસે. એમ ભગવાનની - સિદ્ધોની પંગતમાં કોણ બેસે? (કે) સિદ્ધ થાય એ બેસે. તો આ આબરૂ મોટી છે? કે જગતના ભિખારી લોકો જાણે છે – ઓળખે છે – એ આબરૂ મોટી છે? કોની આબરૂ મોટી છે? કઈ આબરૂ મોટી છે? એવી વાત છે.

લોક સારુ બોલે, લોકો આપણા વખાણ કરે, આપણું કોઈ ખરાબ ન બોલે, આ (બધાં) લૌકિકભાવ આડેથી માણસ નીકળતો નથી. જે સાવ નકામી ચીજ છે અને અહિતહેતુ છે. કેવી છે? અહિતહેતુ છે.

મુમુક્ષુ :- આપે ડાયરીમાં લખ્યું છે કે, સત્યને વેચીને આત્મઘાત કરે છે!

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ જ છે.

*''એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને,...''* એટલે પુરુષાર્થ કરીને. 'જેમ બને તેમ' એટલે ગમે તેમ પુરુષાર્થ કરીને પણ એ સાવધાની છોડવી છે. *''તેને સંક્ષેપીને આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.''* (અર્થાત્) આત્મકલ્યાણ થાય, આત્માનું હિત થાય, એની જગ્યા પહેલા કરવી છે. અવકાશ એટલે એની ખાલી જગ્યા થવી જોઈએ. આ તો આત્માનું હિત થવાની ખાલી જગ્યા જ નથી! એવી પરિસ્થિતિમાં ઊભો છે.

એક આત્મકલ્યાણની ભાવના અને વૃત્તિ તીવ્ર થાય તો બધી જગ્યાએથી ખસવા મંડે અને બધો

સંક્ષેપ થવા મંડે. પછી અહિતહેતુ એવો જે સંસાર પ્રસંગ, સંસારની વસ્તુઓથી સંક્ષેપ કરવા મંડે. (આ પેરેગ્રાફના માર્ગદર્શનથી) આખો સમાજ પ્રતિબંધ છોડાવ્યો છે. લૌકિકભાવ જ મૂકાવ્યો છે. 'આ સમાજમાં જે લોકો (મને) ઓળખે છે, એમાં હું આવો!' એ વાત જ મૂકાવી દીધી છે. આ કલ્પના નાશ કરી નાખવા જેવી છે. કલ્પના જ નાશ કરી નાખવા જેવી છે. ચોકડી મૂકી દેવાની.

મુમુક્ષુ :- આપે ડાયરીમાં લખ્યું છે, 'જે લોકોના અભિપ્રાય ઉપર જીવે છે તેને પોતામાં શ્રદ્ધા નથી.'

પૂજ્ય ભાઈશ્રી :- એને પોતાની જ શ્રદ્ધા નથી. લોકોના અભિપ્રાય ઉપર જીવનારો કેટલો દુઃખી થશે, એનો કોઈ હિસાબ જ નથી! એટલે (કૃપાળુદેવે) કાળકૂટ ઝેર કહ્યું છે. કેમકે એની અંદર એક ખરાબમાં ખરાબ તત્ત્વ એ રહ્યું છે કે જીવને સ્વસન્મુખ થઈને જે સુખ-શાંતિ મળવી જોઈએ, એનાથી આ પરિણામ બહુ વિરુદ્ધ (દિશામાં) જાય છે. એનાથી અતિ વિરુદ્ધ પરિણામ જાય છે. લોકોના અભિપ્રાય ઉપર જીવનારો પર સન્મુખતા છોડી જ ન શકે અને સ્વસન્મુખના પુરુષાર્થમાં આવી જ ન શકે. એવી એક ભાવની જબરજસ્ત પકડ, લોકોના અભિપ્રાય ઉપર જીવનારા (જીવોની) હોય છે. બહુ મોટી પકડ છે. સાવ પરતંત્રતા (હોય છે).


આ જુઓ! મોટા મોટા નેતા ઢેઢવાડે જઈને શું કરવા ગરજ બતાવે છે? કે (આ જગ્યાએ) તમે ચોકડી મારજો. ભાઈસા'બ! અમે તમારું કામ કરીશું. અમે તમારું કામ કરવા આવ્યા છીએ. અમે તમારા ઘરે આવ્યા છીએ. તમે અમારા ફલાણા છો... તમે અમારા ફલાણા છો. અમારા ખરા રાજા તો તમે જ છો! એમ કહે. ગુજરાતની પ્રજા જ અમારો રાજા છે – એમ કંઈક બોલે. એ બિચારા કેટલી દીનતા કરે છે! એનું કારણ (એ છે કે) એને વધુમાં વધુ પરતંત્રતા આવે. એ લોકો લૌકિકભાવમાં વિશેષપણે આવે છે. જે સામાજિક નેતા થાય એ વધુમાં વધુ લૌકિકભાવમાં હોય. એ જીવો બહુ જલ્દી અધોગતિમાં જાય! એનો એ પ્રકાર હોય (છે). માટે એની તો સ્વપને પણ ઈચ્છા ન કરવી.

અંદરમાં ત્રણ લોકનો નાથ બેઠો છે અને એક મ્યુનિસિપાલિટીની ચેમ્બરની ચૂંટણીમાં આખે આખો વેંચાઈ જાય! ખાબોચિયા જેવડું (ક્ષેત્ર) હોય. આખા જગતની વિશાળતા પાસે ભાવનગરની મ્યુનિસિપાલિટી કેવડી? સાવ ખાબોચિયા જેવડી (ગણાય). હવે, એની ચૂંટણીમાં ધમાધમ કરતા હોય! કાં તો ચેમ્બરની ચૂંટણીમાં ધમાધમ કરતા હોય! શું થયું તને? (એમાં) દીનતાનો પાર નથી. એમાં ખોટી રીતે હેરાન થવા સિવાય, દુઃખી થવા સિવાય બીજું કંઈ હોતું નથી. અને એ દરમ્યાન કેટલા કર્મ બાંધ્યા એનો હિસાબ ખરો કંઈ? એવી (એ) **line** છે.

અમે બજારમાં બેસતા ને! (પણ) કોઈ દિવસ **association** ની મીટિંગમાં – કમિટીમાં કે બીજામાં ક્યાંય જાવાનું જ નહીં. દલાલના ચોરે પણ બેસવાનું નહીં. કામ હોય તો દલાલ સાથે ટેલીફોનથી વાત કરી લેવાની કે, આ સોદો છે. તને **offer** આપુ છું – લેવું હોય કે વેચવું હોય (તો કહેજે). પાંચ મિનિટ પણ ક્યાંય જઈને ચોવટ કરવા કે પંચાત કરવા બેસવાનું નહીં.

(અનુસંધાન પાના નં ૧૩ પર.. )

## મુનિહૃદયથી પ્રવાહિત આત્મસ્વરૂપના અમૃત...



* પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. ૨૧

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર-ટીકા, ગાથા-૨૦૦)

* જીવ ભિન્ન છે અને પુદ્‌ગલ ભિન્ન છે, આટલો જ તત્ત્વ-કથનનો સાર છે. (એના સિવાય) બીજું જે કંઈ કહેવાય છે, તે એનો જ વિસ્તાર છે. ૨૨

(શ્રી પૂજ્યપાદસ્વામી, ઈષ્ટોપદેશ, ગાથા-૫૦)

* હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈપણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણકે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. ૨૩

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૦)

* આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ-સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વ સિદ્ધિ છે, બીજો ઉપાય નથી. ૨૪

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૨૦)

* સિદ્ધગતિમાં જેવા સર્વમલરહિત જ્ઞાનસ્વરૂપી સિદ્ધભગવાન બિરાજમાન છે, તેવો જ દેહની અંદર બિરાજમાન પરમબ્રહ્મ સ્વરૂપ પોતાનો આત્મા જાણવો જોઈએ. ૨૫

(શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૬)

* હે દેવ! તું દેવનું આરાધન કરે છે પણ તારા પરમેશ્વર ક્યાં ચાલ્યા ગયા? જે શિવ-કલ્યાણરૂપ પરમેશ્વર સર્વાંગમાં બિરાજી રહ્યા છે તેને તું કેમ ભૂલી ગયો? ૨૬

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૫૦)

* ભલે ૧૧ અંગ સુધીના શાસ્ત્રો હંમેશા ભણ્યા કરે પણ જે આત્મતત્ત્વનો બોધ નથી કરતો તથા

જિનદેવસમાન નિજાકારને પોતામાં નથી દેખતો, તે જીવ કલ્યાણ-પ્રાપ્તિને માટે યોગ્ય નથી. ૨૭
(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૫૨)

❈

* જો જિનદેવ હૈં વહ મૈં હૂં, વહી મૈં હૂં - ઈસકી ભ્રાંતિ રહિત હોકર ભાવના કર. હે યોગિન્! મોક્ષકા કારણ કોઈ અન્ય મંત્ર-તંત્ર નહીં હૈ. ૨૮ (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૫)

❈

* સબસે ઉત્કૃષ્ટ પરમ તત્ત્વ એક પરમાત્મા હૈ. અપને હી ઉત્કૃષ્ટ સ્વભાવકે દ્વારા વહ પહચાના જાતા હૈ. નિશ્ચયસે આત્મા જો હૈ વહી પરમાત્મા હૈ. જિસકે ભીતર યહ ઉત્તમ તત્ત્વ પ્રગટ હો જાતા હૈ વહ ઉત્તમ મુક્તિપદસે જાકર મિલ જાતા હૈ. ૨૯ (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું -૨૭૧)

❈

* શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે સર્વે જીવો શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ (પંચપરમેષ્ઠીમાં પણ) અર્હંત અને સિદ્ધ-એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિ કાળે સિદ્ધ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે. ૩૦ (શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, અધિ.-૧નો ઉપસંહાર)

❈ **('પરમાગમ-ચિંતામણિ' માંથી સાભાર ઉદ્ધૃત)**

---

(પાના નં ૧૧ થી આગળ... )


આ પત્રમાં બીજા પેરેગ્રાફથી સત્સંગના (વિષય) ઉપર વાત કરે છે કે, *'આત્મહિત માટે સત્સંગ જેવું બળવાન બીજું નિમિત્ત કોઈ જણાતું નથી,....'* એમણે ઘણાં પત્રોમાં જુદી-જુદી રીતે (સત્સંગ) ઉપર ધ્યાન ખેંચ્યું છે અને સત્સંગને ગાયો છે. પછી (સત્સંગ) કેમ નિષ્ફળ જાય છે? એ બધી વાત કરી છે. અહીં સુધી રાખીએ. વિશેષ લઈશું.

---

(પાના નં ૧૯ થી આગળ... )

જોવો હોય તો આ રહ્યાં મુનિરાજ! મુનિરાજ છે એ મૂર્તિમંત મોક્ષમાર્ગ છે. ખરેખર તો મોક્ષમાર્ગ અમૂર્તિક છે, પણ મુનિરાજ છે એ મૂર્તિમંત મોક્ષમાર્ગ છે. એમ આત્મદ્રવ્ય, આત્મસ્વભાવ અમૂર્તિક છે અને જિનપ્રતિમા છે એ મૂર્તિમંત આત્મસ્વભાવ છે. એમ છે ખરેખર તો. એ એનો પરમાર્થ છે એ વિષયનો. જિનોક્ત વ્યવહાર જેટલો છે તે સમસ્ત જિનોક્ત વ્યવહારમાં પરમાર્થ નિહિત છે. નિહિત એટલે અંદર ગર્ભમાં રહેલો છે અથવા વ્યવહાર દ્વારા પરમાર્થને જ દર્શાવવામાં આવ્યો છે. એ સિદ્ધાંત છે.

(પ્રવચનાંશ...'બહેનશ્રીના વચનામૃત'-૨૦૫, તા. ૧૯-૧૦-૮૭, પ્રવચન નં-૧૬૨, 'અધ્યાત્મ સુધા' ભાગ-૬, પાનું -૨૪૮,૨૪૯)



## ‘માર્ગદર્શન’ તેમજ ‘મુમુક્ષુની ભૂમિકા’

‘દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ’
– પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની

**પર્યાયને તેના સ્વકાળમાં રહેવા દો, એ તે કાળનું સત્ છે; તેમાં ઉપયોગ રોકવો નહિ. ૫૯૭.**

*

**હર સમયે દ્રવ્યસ્વભાવની અધિકતા રહેવી જોઈએ. જેમ તરણાની ઓથે ડુંગર (પર્વત) દેખાતો નથી, તે રીતે દૃષ્ટિ પરિણામ ઉપર રોકાવાથી પરિણામી ઢંકાઈ જાય છે. ૫૯૯.**

*

**ક્ષણિકભાવ વ્યક્ત છે તેને ગૌણ કરવો; અને ત્રિકાળીભાવ અવ્યક્ત છે તેને મુખ્ય કરવો. ૬૦૩.**

*

## ‘મુમુક્ષુની ભૂમિકા’

**પહેલાં તો** (તત્ત્વની) **ધારણા બરાબર હોવી જોઈએ. પરંતુ ધારણા અંતરમાં ઉતરે ત્યારે સમ્યક્‌જ્ઞાન થાય છે. ધારણામાં પણ આ તરફનું** (આત્માનું) **લક્ષ હોવું જોઈએ.** (ધારણા સ્વલક્ષ્યી હોવી જોઈએ. સ્વલક્ષ્યી ધારણા પ્રયોજનની ઉત્પાદક થાય છે. અને પ્રયોગાન્વિત ધારણામાં ધારણ કરેલો ઉપદેશ જ્યારે અંતરમાં ઉતરે છે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે.) **૨૪.**

*

**વિકલ્પથી અને મનથી** (પરલક્ષીજ્ઞાનમાં) **કરેલો નિર્ણય સાચો નથી. પોતાની તરફ દૃષ્ટિનું તાદાત્મ્ય કરવાથી જ, પોતાથી કરેલો નિર્ણય જ સાચો નિર્ણય છે. પહેલા વિકલ્પથી, અનુમાનથી** (સ્વલક્ષીજ્ઞાનમાં) **નિર્ણય થાય, તેમાં પણ લક્ષ તો અંતરમાં ઢળવાનું જ હોવું જોઈએ. ૪૯.**

*

**તીવ્ર પ્યાસ** (જિજ્ઞાસા) **લાગવી જોઈએ. તરસ લાગે તો ગમે તેમ કરીને છીપાવવાનો પ્રયત્ન કર્યા વિના રહે નહિ. ૬૪.**

*

**પ્રશ્ન :– પાકા નિર્ણય વિના, 'હું શુદ્ધ છું,' 'ત્રિકાળી છું,' 'ધ્રુવ છું,' એમ અનુભવનો અભ્યાસ કરે તો, અનુભવ થઈ શકે કે કેમ?**

**ઉત્તર :– નહીં! પાકો નિર્ણય નહીં પરંતુ યથાર્થ નિર્ણય કહો. યથાર્થ નિર્ણય થયા બાદ નિર્ણયમાં પાકાપણું થાય છે, પછી અનુભવ થાય છે. ૯૨.**

*

**વિકલ્પની ભૂમિકામાં પણ (જેને) નિર્ણય થતો નથી તેને નિર્વિકલ્પ નિર્ણય થવાનો અવકાશ જ ક્યાં છે? ૧૧૮.**

*

**ત્રિકાળીનો પક્ષ કરો! એવો** (અપૂર્વ) **પક્ષ કરો કે અનંતકાળમાં ક્યારેય થયો ન હોય. વર્તમાનનો પક્ષ છોડો! ૩૨૮.**

*

**જેને પોતાનું સુખ જોઈએ છે તેને, જેને પોતાનું સુખ પ્રગટ્યું છે તેની પાસે** (સર્વાર્પણબુદ્ધિપૂર્વક શરણમાં) **જવાનો ભાવ આવે છે. ૫૦૧.**

*

---

(પાના નં ૧૮ થી આગળ... )

સ્વાભાવિકપણું પ્રગટ્યું છે જેને વિષે, જીવનું સ્વાભાવિક સુખ પ્રગટ્યું છે જેને વિષે, એવો જ્ઞાનીપુરુષ તે જ તે અજ્ઞાનપરિણતિ અને તેથી પ્રાપ્ત થયું જે દુઃખપરિણામ તેથી નિવારી આત્માને સ્વાભાવિકપણે સમજાવી શકવા યોગ્ય છે, કહી શકવાને યોગ્ય છે; અને તે વચન સ્વાભાવિક આત્મા જાણ્યાપૂર્વક હોવાથી તે દુઃખ મટાડી શકવાને બળવાન છે. માટે તે વચન જો કોઈ પણ પ્રકારે જીવને શ્રવણ થાય, તે અપૂર્વભાવરૂપ જાણી તેમાં પરમ પ્રેમ વર્તે, તો તત્કાળ અથવા અમુક અનુક્રમે આત્માનું સ્વાભાવિકપણું પ્રગટ થાય.

*

---


## આભાર

'સ્વાનુભૂતિપ્રકાશ' (ફેબ્રુઆરી–૨૦૨૬, ગુજરાતી તથા હિન્દી) ના અંકની સમર્પણ રાશિ
**શ્રીમતી વર્ષાબેન હેમાણી, ભાવનગર**
તરફથી ટ્રસ્ટને સાભાર પ્રાપ્ત થયેલ છે, જેથી પાઠકોને
આત્મકલ્યાણ હેતુ મોકલવામાં આવેલ છે.

# આત્મા - દિવ્યમૂર્તિ દેવ !!

**તત્ત્વચર્ચા** મંગલવાણી-સીડી-૧૫-B

- પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, એવું સ્વસંવેદન જે પ્રગટ થાય છે. એ સ્વસંવેદન તે જ વખતે સ્વસંવેદન અનુભવમાં આવે છે. પછી એને અનુભવ પછી જાણે છે એવું નથી. એ જ્ઞાનનો સ્વભાવ એટલે શું? જે લોકાલોકને જાણનારો આત્મા, એનો જ્ઞાન સ્વભાવ, એ કાંઈ એનો નાશ થયો છે? નાશ નથી થયો. સ્વાનુભૂતિમાં બધું જાણે જ છે. માત્ર પ્રત્યક્ષ-પરોક્ષનો ભેદ છે. પરોક્ષ એટલે અનુભવ થયો એને પ્રત્યક્ષ છે. અનુભવ અપેક્ષાએ પ્રત્યક્ષ છે. અપૂર્વ અનુપમ આનંદને પ્રત્યક્ષ જાણે છે. અચિંત્ય શક્તિથી ભરેલો આત્મા ચિંતવવામાં ન આવે. જે વાણીમાં નથી આવી શકતો. જે વેદનમાં આવે છે. એ વેદનમાં જાણે છે.

પુરુષાર્થ કોને માટે છે? આત્માના સુખને, આત્માની સ્વાનુભૂતિને માટે કે જે અનંતકાળથી આત્મા ખ્યાલમાં નથી આવ્યો. અનંત સામર્થ્યથી ભરપૂર જે જોઈએ એને આત્મામાંથી મળે છે. એવો જે અનંત સ્વાનુભૂતિમાં આવે અને આનંદ છાનો રહે અને બધું નીકળી જાય અને શૂન્ય થઈ જાય એવું નથી હોતું. પોતાની અનંત શક્તિઓથી ભરપૂર, અનેક જાતના સ્વભાવોથી ભરપૂર જે આત્મા એના વેદન તે ક્ષણે જ વેદનમાં આવેલો છે. આશ્ચર્યકારી આત્મા, ચમત્કારી આત્મા તે જ ક્ષણે વેદનમાં આવે છે. 'ગુરુદેવ'ના વ્યાખ્યાનમાં વારંવાર આવતું હતું. 'ગુરુદેવ' કહેતા. શાસ્ત્રમાં પણ આવે છે. વેદનમાં આવે એવો આત્મા છે.

## મંગલવાણી ૧૫-C

પ્રશ્ન :- એક પ્રશ્ન છે કે દરેક જીવ પરમાત્માસ્વરૂપ છે પણ અમારી પાસે વર્તમાનમાં તો મતિશ્રુત જ્ઞાન જ પ્રગટપણે છે. તો અમે પરમાત્મસ્વરૂપ છીએ એ મતિશ્રુત જ્ઞાન દ્વારા કેમ ખ્યાલમાં આવે એ જરા વિગતથી સમજાવવા કૃપા કરશો.

ઉત્તર :- આત્મા પરમાત્મસ્વરૂપ છે. 'ગુરુદેવે' ઘણું કીધું છે કે આત્મા પોતે જે વર્તમાન જ્ઞાન છે


એનાથી જ સમજાય છે. પરમાત્મસ્વરૂપ આત્મા વસ્તુસ્વરૂપે પરમાત્મા જ છે. એને જાણવા માટે મતિશ્રુત જ્ઞાન છે. મતિશ્રુત જ્ઞાનથી જ આત્મા જણાય છે. મતિશ્રુતથી ન સમજાય એવું કાંઈ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક છે. એ જાણનારો છે. એમાં મતિ અને શ્રુત એ બે દ્વારા આત્મા ઓળખાય છે. એને ઓળખવા માટે કાંઈ બીજા જ્ઞાનોની જરૂર પડતી નથી. એને જાણવા માટે કોઈ અવધિ જ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન કે એવા કોઈ જ્ઞાન હોય તો આત્મા ઓળખાય એવું કાંઈ નથી. એ કોઈ પ્રત્યક્ષ જ્ઞાન હોય કે પ્રત્યક્ષ દેખાય કે જેનાથી દેવલોક અને નરકને બધું દેખાય એવું અવધિ જ્ઞાન. એવા અવધિજ્ઞાન વડે અથવા કોઈના મનની વાત જાણે એવું જ્ઞાન હોય તો આત્મા ઓળખાય એવું કાંઈ નથી. આત્મા મતિ અને શ્રુત દ્વારા જ ઓળખાય છે.

આત્મા ઓળખવા માટે કોઈ જ્ઞાનના ભેદ ઉપર દૃષ્ટિ મૂકવાની જરૂર નથી. આત્મા જ્ઞાયક જ છે. કે આ જ્ઞાન હોય. મતિ હોય કે શ્રુત હોય કે એના ઉપર દૃષ્ટિ મૂકે કે આ જ્ઞાન છે માટે આનાથી ઓળખાય કે આનાથી ઓળખાય. એવું નથી. આત્મા પોતે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક જ છે. એમ જ્ઞાયક જ લક્ષમાં લેવાનો છે. કે આ મતિ છે એ મતિ ઉપર લક્ષ મૂકીને આત્મા ઓળખાય એવું નથી કે શ્રુત ઉપર લક્ષ મૂકીને આત્મા ઓળખાય એવું નથી. આત્મા સ્વયં જ્ઞાયક છે. એ જ્ઞાયકને પોતે ઓળખવા જાય એમાં મતિ અને શ્રુત સાથે આવે છે. એટલે મતિ અને શ્રુત દ્વારા આત્મા ઓળખાય છે. એના માટે કોઈ બીજા જ્ઞાનોની જરૂર પડતી નથી. વિચારથી નક્કી કરે કે હું પરમાત્મા જ છું, આ સ્વભાવ મારો છે, આ જ્ઞાયક તે હું છું, આ વિભાવો જે થાય તે મારું સ્વરૂપ નથી. એમ મતિશ્રુત દ્વારા નિર્ણય કરે અને બરાબર નિઃશંકપણે નિર્ણય કરે તો સ્વસંવેદન પણ મતિશ્રુત દ્વારા જ થાય છે. અને સ્વાનુભૂતિમાં પણ મતિશ્રુત જ કામ કરે છે. બીજા કોઈ જ્ઞાનોની જરૂર પડતી નથી. આત્મા જ્ઞાયક છે તે મતિશ્રુત દ્વારા જ ઓળખાય છે. માટે પોતે વિચાર કરે, જ્ઞાયકને ઓળખે તો ઓળખાય એવો છે. અને 'ગુરુદેવે' ઘણું સમજાવ્યું છે. માટે આત્મા મતિશ્રુત જ્ઞાન દ્વારા જ ઓળખાય છે. બીજા કોઈ જ્ઞાનોની રાહ જોવી પડે એવું નથી. આ જે ક્ષયોપશમ જ્ઞાન છે એનાથી જ આત્મા ઓળખાય છે.

એક પારિણામિકભાવ ઉપર દૃષ્ટિ કરે કે ઉદયભાવ કે ઉપશમભાવ કે ક્ષયોપશમભાવ એવા કોઈ ભાવથી આત્મા ઓળખાય એમ પણ નથી. આત્મા એક પારિણામિકભાવ જે અનાદિ–અનંત સ્વતઃસિદ્ધ છે. એનાથી આત્મા ઓળખાય છે. કોઈ ભેદ ઉપર દૃષ્ટિ મૂકવાની જરૂર નથી. કે મતિ ઉપર કે શ્રુત ઉપર કે અવધિ ઉપર કે મનઃપર્યવ ઉપર કે કેવળજ્ઞાન ઉપર. એ કોઈ જ્ઞાન ઉપર દૃષ્ટિ મૂકવી કે કોઈ ભાવ ઉપર દૃષ્ટિ મૂકવી આત્મા સ્વયં શાશ્વત પારિણામિકભાવસ્વરૂપ છે. એને ઓળખે, એવા આત્માને દૃષ્ટિમાં લે. નિઃશંક થઈ જાય અને એવી જ્ઞાતાની ધારા પ્રગટ થાય તો સ્વાનુભૂતિમાં પણ મતિશ્રુત જ કામ કરે છે. એનાથી સ્વસંવેદનજ્ઞાન પ્રગટ થાય છે. બીજા કોઈ જ્ઞાનોની એમાં જરૂર પડતી નથી. કોઈની રાહ જોવી પડતી નથી.

*

(તત્વચર્ચાનો શેષ ભાગ આવતા અંકે... )



## - પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી રાજહૃદય !!

પત્રાંક - ૩૯૫

મુંબઈ, શ્રાવણ વદ, ૧૯૪૮

ૐ

'તેમ શ્રુતધર્મે રે મન દ્રઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત.'


વિક્ષેપરહિત એવું જેનું વિચારજ્ઞાન થયું છે એવો 'જ્ઞાનાક્ષેપકવંત' આત્મકલ્યાણની ઈચ્છાવાળો પુરુષ હોય તે જ્ઞાનીમુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણરૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે, એ સામાન્ય ભાવ ઉપરનાં પદોનો છે.

તે નિશ્ચળ પરિણામનું સ્વરૂપ ત્યાં કેવું ઘટે છે? તે પ્રથમ જ જણાવ્યું છે, કે પ્રિય એવા પોતાના સ્વામીને વિષે બીજાં ગૃહકામને વિષે પ્રવર્તન છતાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનું મન વર્તે છે તે પ્રકારે. જે પદનો વિશેષ અર્થ આગળ લખ્યો છે, તે સ્મરણમાં લાવી સિદ્ધાંતરૂપ એવાં ઉપરનાં પદને વિષે સંધીભૂત કરવું યોગ્ય છે. કારણ કે 'મન મહિલાનું વહાલા ઉપરે' એ પદ છે તે દૃષ્ટાંતરૂપ છે.

અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ એવું દૃષ્ટાંત દેવું ઘટે છે, એમ જાણી ગ્રંથકર્તા તે સ્થળે જગતમાં, સંસારમાં પ્રાયે મુખ્ય એવો જે પુરુષ પ્રત્યેનો 'ક્લેશાદિભાવ' રહિત એવો કામ્યપ્રેમ સ્ત્રીનો તે જ પ્રેમ સત્પુરુષથી શ્રવણ થયો હોય જે ધર્મ તેને વિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષ દ્વારા શ્રવણપ્રાપ્ત થયો છે જે ધર્મ તેમાં સર્વ બીજા જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે તેથી ઉદાસીન થઈ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એક લયપણે, એક સ્મરણપણે, એક શ્રેણીપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્યપ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે; એ કામ્યપ્રેમથી અનંતગુણ વિશિષ્ટ એવો શ્રુત પ્રત્યે પ્રેમ કરવો ઘટે છે; તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શક્યું નથી, જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઈ ત્યાં સુધીનો પ્રેમ કહ્યો છે. સિદ્ધાંત ત્યાં પરિસીમાપણાને પમાડ્યો નથી.

અનાદિથી જીવને સંસારરૂપ અનંત પરિણતિ પ્રાપ્ત થવાથી અસંસારપણારૂપ કોઈ અંશ પ્રત્યે તેને બોધ નથી. ઘણાં કારણોનો જોગ પ્રાપ્ત થયે તે અંશદૃષ્ટિ પ્રગટવાનો જોગ પ્રાપ્ત થયો તો તે વિષમ એવી સંસારપરિણતિ આડે તેને તે અવકાશ પ્રાપ્ત થતો નથી; જ્યાં સુધી તે અવકાશ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવને સ્વપ્રાપ્તિભાન ઘટતું નથી. જ્યાં સુધી તે પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જીવને કંઈ સુખ કહેવું ઘટતું નથી, દુઃખી કહેવો ઘટે છે, એમ દેખી અત્યંત અનંત કરુણા પ્રાપ્ત થઈ છે જેને, એવા આપ્તપુરુષે દુઃખ મટવાનો માર્ગ જાણ્યો છે, જે તે કહેતા હતા, કહે છે, ભવિષ્યકાળે કહેશે. તે માર્ગ એ કે જીવનું

(અનુસંધાન પાના નં ૧૫ પર.. )



# જિનપ્રતિમાની સ્થાપનાનો મર્મ !!

– પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ

શુદ્ધાત્મદેવ! એ જ 'મહાવીરદેવ' છે. 'મહાવીર', 'વીર' એટલે અત્યંત પરાક્રમ કરનાર, મહાન પરાક્રમ કરનાર તે 'મહાવીર'. પોતામાં મહાન પરાક્રમ કરવાનું સામર્થ્ય છે, પુરુષાર્થ છે એટલે પોતે જ મહાવીર છે. ભગવાન મહાવીર પણ એમ કહે છે કે મને જોતા તું તને જો! મને જોતા માત્ર તું મને ન જો, પણ તને જો! એમ કહે છે ખરેખર. કેમકે ઈ પોતે તો ધ્યાનસ્થ છે, પોતે તો ધ્યાનસ્થ છે. એમાં તું શું જોવે છે? કે આત્મ સ્વભાવ!! કેવો આત્મ સ્વભાવ? કે જેવો અહીંયાં અંતરંગમાં છે તેવો. એમ સીધું ત્યાંથી અહીંયાં અનુસંધાન લાગે તો એને દર્શન કર્યા છે. નહિતર એણે દર્શન નથી કર્યા પણ રાગ કર્યો છે. કેવળ રાગનો વિકલ્પ કર્યો છે, કેવળ રાગ કર્યો છે. અને એ રીતે રાગ કરવા માટે આ સ્થાપના છે નહિ. સ્થાપના તો પોતાના સ્વભાવનું અનુસંધાન કરવા માટે છે, પોતાના સ્વસંવેદનભાવનું સ્મરણ કરવા માટે છે, પોતાના સ્વસંવેદનને સંભાળવા માટે છે. કેમકે અનંત એકાગ્રતા, અનંતી એકાગ્રતા છે. અરિહંત પરમાત્માને તેરમે ગુણસ્થાને અનંતી એકાગ્રતા છે. અને મુનિદશામાં જે પ્રચુર સ્વસંવેદન કહેવામાં આવે છે એથી અનંતગુણ સ્વસંવેદન છે ત્યાં. બેહદ સ્વસંવેદન છે. પ્રચુર આનંદ મુનિદશામાં કહેવામાં આવે છે એથી અનંત આનંદ છે ત્યાં. અને એવું જ પોતાનું સ્વરૂપ છે.

એ તો 'પ્રવચનસાર'માં ૮૦મી ગાથા લીધી છે. 'જે જાણતો અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યયપણે.' આત્માને ન ઓળખ્યો હોય તેને આત્માને ઓળખવાનું કારણ થાય છે, ભેદજ્ઞાન ન કરતો હોય તેને ભેદજ્ઞાન થવાનું કારણ થાય છે અને આત્માને ઓળખ્યો હોય ને અનુભવ કર્યો હોય અને ભેદજ્ઞાન કરતો હોય તેને વિશેષ સ્વસંવેદનનું કારણ થાય છે, અથવા ધ્યાનનું કારણ થાય છે. મુખ્યપણે તો મોક્ષમાર્ગમાં આવેલા ધર્માત્માઓ સ્થાપના કરતા હોવાથી, ભગવાનની પ્રતિમાની સ્થાપનાને ધ્યાનનું કારણ કહ્યું છે. મુખ્યપણે એ ધ્યાનનું કારણ છે, ગૌણપણે તે બીજું કારણ છે. બીજું એટલે આ ઓળખવાનું કારણ ને ભેદજ્ઞાનનું ઈ ગૌણપણે છે. મુખ્યપણે તો ધ્યાનનું કારણ છે.

પ્રશ્ન : ધ્યાનનું કારણ કઈ રીતે?

સમાધાન : ધ્યાનસ્થ પ્રતિમા છે એટલે. સ્વરૂપ ધ્યાન! મૂર્તિમંત સ્વરૂપધ્યાન! છે એમ. મૂર્તિમંત સ્વરૂપધ્યાન છે. અમૂર્ત આત્મ સ્વભાવ એની મૂર્તિ છે ખરેખર તો. અરિહંતભગવાન એટલે અમૂર્ત આત્મસ્વભાવની મૂર્તિ! બસ! અમૂર્ત તો કાંઈ દેખાતો નથી. આ કહે છે કે જો તારે દેખવું હોય તો છે અહીંયાં આ મૂર્તપણે! એમ છે. આમાં 'અષ્ટપાહુડ'માં એમ લીધું છે ને? કે, મોક્ષમાર્ગ છે એ તો અમૂર્ત આત્મ દ્રવ્યના અમૂર્ત પરિણામો છે. સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મુનિરાજના પરિણામ છે એ તો અમૂર્ત દ્રવ્યના, અમૂર્ત પરિણામો છે જેને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. એવા અમૂર્તિક મોક્ષમાર્ગને મૂર્તિમંતપણે

(અનુસંધાન પાના નં ૧૩ પર.. )

*REGISTERED NO. : BVHO - 261 / 2024-2026*
*RENEWED UPTO : 31/12/2026*
*R.N.I. NO. : 69847/98*
Title Code : GUJGUJ07425
*Published : 10th of Every month at BHAV.*
*Posted at 10th of Every month at BHAV. RMS*
*Total Page : 20*

# 'સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો'



... દર્શનીય સ્થળ ...

## શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર

ભાવનગર

સ્વત્વાધિકારી શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ વતી મુદ્રક તથા પ્રકાશક શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા દ્વારા અજય ઑફસેટ, 12-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ - 380 016 થી મુદ્રિત તથા 1942/બી, શશીપ્રભુ માર્ગ, રૂપાણી, ભાવનગર - 364 001 દ્વારા પ્રકાશિત.

**સંપાદક : શ્રી નીરવ ધર્મેન્દ્ર વોરા - 98250 52913**

Printed Edition : **1195**
Visit us at : http://www.satshrut.org

If undelivered please return to ...

**Shri Shashiprabhu Sadhana Smruti Mandir**
1942/B, Shashiprabhu Marg, Rupani,
Bhavnagar - 364 001

mayur process 9374825041